# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યનાં સાત શહેરોમાં યોજાયેલા મિલેટ મહોત્સવમાં એક કરોડ 62 લાખ રૂપિયાની પ્રાકૃતિક ખેત-પેદાશો અને મિલેટ વાનગીનું વેચાણ.**
2. **આણંદ જિલ્લાની બોરસદ તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત ખેડૂત પેનલનો વિજય.**
3. **રાજ્યનાં ત્રણ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સંખ્યાબંધ બળવાખોરોને બરતરફ કરવામાં આવ્યા.**
4. **આજે વિશ્વ રેડિયો દિવસ : સમાચાર અને માહિતીના પ્રસાર દ્વારા રાષ્ટ્રનાં સાંસ્કૃતિક વિકાસમાં રેડિયોની મહત્વપૂર્ણ ભૂમિકા.**
5. **અમદાવાદમાં રમાયેલી ત્રીજી વન-ડે મેચમાં ભારતે ઇંગલેન્ડને 142 રનથી હરાવ્યું.**

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MILLET MAHOTSAV

રાજ્યમાં જાડા ધાન્ય એટલે કે, મિલેટના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરમાં યોજાયેલા બે દિવસના 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫' માં 1 કરોડ 62 લાખ રૂપિયાના મિલેટ્સ, પ્રાકૃતિક ખેત પેદાશો અને મિલેટ વાનગીઓનું વેચાણ થયું હતું. આ શહેરોમાં મિલેટ મહોત્સવમાં કુલ 2 લાખ 93 હજાર નાગરિકોએ મુલાકાત લીધી.

મિલેટ મહોત્સવ અંગે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ'ના પરિણામે સમગ્ર વિશ્વના નાગરીકો સુપરફૂડ મિલેટના ફાયદાઓથી પરિચિત થયા છે.

રાજ્યભરના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, નિકાસકાર તેમજ સ્વસહાય જૂથો દ્વારા 606 સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.

# BORSAD APMC

**આણંદ જિલ્લાની બોરસદ તાલુકા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રસાકસીભરી ચૂંટણીમાં ભાજપ પ્રેરિત ખેડૂત પેનલનો વિજય થયો છે. ભાજપે પ્રથમ વખત બજાર સમિતિમાં વિજય મેળવ્યો છે.**

**ગઇકાલે મત ગણતરી દરમિયાન બંને પક્ષોની તરફેણમાં આંકડા ઉપર નીચે થતાં હતા. અંતે ભાજપ પ્રેરિત ખેડૂત પેનલે તમામ બેઠકો કબજે કરી હતી.**

**બોરસદ APMCની ખાલી પડેલી ખેડૂત વિભાગની 10 બેઠક પર કોંગ્રેસ પ્રેરિત સહકાર પેનલના 10 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, તો બીજી તરફ ભાજપે પણ પોતાની ખેડૂત વિકાસ પેનલ બનાવી 10 ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. બોરસદ વિધાનસભા બેઠક બાદ બોરસદ APMC કબજે કરી ભાજપના રમણભાઈ સોલંકીએ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારને પરાજય આપ્યો છે.**

# LOCAL BODY ELECTION

રાજ્યભરમાં 16 ફેબ્રુઆરીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચારના આડે બે દિવસ બાકી છે ત્યારે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ દ્વારા બળવાખોરોને બરતરફ કરવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લા ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારા ત્રણ હોદ્દેદારોને સસ્પેન્ડ કર્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશ કાબરીયાએ આ કાર્યવાહી કરતાં જિલ્લાના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

ગઈકાલે જામનગર નગરપાલિકા માટે કાલાવડ, જામજોધપુર, ધ્રોલમાં ભાજપ સામે ઉમેદવારી કરનારા સાત સભ્યોને પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

મહીસાગર નગરપાલિકાની ચૂંટણીમાં પણ જિલ્લા ભાજપ પ્રમુખે બળવાખોરો સામે કાર્યવાહી કરીને સંતરામપુરના 13, બાલાસિનોર અને લુણાવાડાના ચાર-ચાર સભ્યો મળીને કુલ 21 સભ્યો અને કોંગ્રેસે છ બળવાખોર કાર્યકરોને પક્ષમાંથી બરતરફ કર્યા છે.

# WORLD RADIO DAY (PAGE 1)

આજે વિશ્વભરમાં 'વિશ્વ રેડિયો દિવસ' ઉજવવામાં આવી રહ્યો છે. પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલ.

## (VOICE CAST - ANIL PATEL)

*રેડિયોનાં મહત્વ અંગે જાગૃતિ ફેલાવવા અને રેડિયો દ્વારા માહિતી મેળવવા પ્રોત્સાહન આપવા દર વર્ષે 13 ફેબ્રુઆરીનાં રોજ વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષનાં વિશ્વ રેડિયો દિવસની વિષય વસ્તુ છે- રેડિયો અને જળવાયુ પરિવર્તન.*

*લોકોનાં જીવનને સ્પર્શતો અને વિશ્વભરનાં લોકોને સાથે લાવતા રેડિયોની અનોખી તાકાતને યાદ કરવાનો આ દિવસ છે. વર્ષ 2012થી ઔપચારિક રીતે 13 ફેબ્રુઆરીનાં રોજ વિશ્વ રેડિયો દિવસની ઉજવણી થાય છે. દેશનાં ખૂણે ખૂણે લોકોને સમાચાર તથા મનોરંજન પુરૂં પાડતો રેડિયો આજે પણ એટલો જ પ્રસ્તુત છે.*

અનિલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ

---

છોટાઉદેપુર જિલ્લામાં ગુજરાત વિધાનસભામાં સૌથી લાંબો કાર્યકાળ ધરાવતા પૂર્વ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાનો પરિવાર રેડિયોનો અનોખો શોખ ધરાવે છે. બરોડા ડેરીના ડિરેકટર અને પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રણજિતસિંહ રાઠવાએ વધુમાં આ મુજબ જણાવ્યું

**બાઈટ - રણજીતસિંહ રાઠવા, રેડિયોપ્રેમી**

# WORLD RADIO DAY (PAGE 2)

ગીર સોમનાથ જિલ્લાના વતની માલદેભાઈ દાસા રેડિયોના એક એવા પ્રેમી છે, જેમનો શાળાના દિવસો દરમિયાન શરૂ થયેલો રેડિયો પ્રત્યેનો પ્રેમ આજે પણ તેમના જીવનમાં અકબંધ છે. વેરાવળમાં રહેતા રેડિયો ચાહક માલદે દાસા પાસે વિવિધ કંપનીઓના અને જે તે સમયના 350 થી પણ વધારે રેડિયોનું કલેકશન છે. તેમણે શાળામાં અભ્યાસ કરવાની સાથે સ્વબળે કમાયેલા રૂપિયામાંથી રેડિયો ખરીદ્યો. ત્યારથી લઈને આજ દિન સુધી રેડિયો પ્રેમની આ સફર માલદેભાઇ દાસાના જીવન સાથે સતત વણાયેલી છે.

# RADIO DAY NATIONAL

વિશ્વ રેડિયો દિવસ પરના પોતાના સંદેશમાં, પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહગલે જણાવ્યું છે કે, સમાચાર અને માહિતીના પ્રસાર દ્વારા, રાષ્ટ્રના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં રેડિયોની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

વિશ્વ રેડિયો દિવસ પર શુભેચ્છા પાઠવતા, આકાશવાણીના મહાનિર્દેશક ડૉ. પ્રજ્ઞા પાલીવાલ ગૌરે જણાવ્યું હતું કે, લગભગ નવ દાયકાથી આકાશવાણી માહિતી, શિક્ષણ અને મનોરંજન સાથે શ્રોતાઓ સુધી પહોંચી રહી છે.

**(BYTE : DG, પ્રસાર ભારતી - CEO)**

# National Games Meet

દહેરાદૂન ખાતે રમાઇ રહેલા 38મા રાષ્ટ્રીય રમતોત્સવમાં ગુજરાતના ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. ગુજરાતમાં આવકવેરા વિભાગની કચેરીમાં કાર્યરત મીત કોસંબિયાએ એરોબિક જીમ્નાસ્ટિક્સમાં સુવર્ણચંદ્રક મેળવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે પણ લોન ટેનિસમાં ગુજરાતની વૈદેહી ચૌધરીએ સુવર્ણ અને દેવ જાવિયાએ રજતચંદ્રક, જ્યારે ટેમ્પોલાઇન જીમ્નેસ્ટિકમાં પ્રિતી વસાવાએ કાંસ્યચંદ્રક મેળવ્યો હતો.

# GIRSOMNATH - JAMEEN DABAN

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણમાં 4 કરોડ રૂપિયાની કિંમતની સરકારી જમીન પરના અનધિકૃત દબાણને દૂર કરાયું. જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલ કડક કાર્યવાહીમાં ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તકની અંદાજિત 3 હજાર 200 ચોરસ મીટર જમીન પર એક વ્યક્તિએ ગેરકાયદેસર કબજો કરી તેનો વ્યાવસાયિક ઉપયોગ કરાઈ રહ્યો હતો. મેરીટાઇમ બોર્ડના અધિકારીઓ દ્વારા આ અંગે ફરિયાદ દાખલ કરાતા તાત્કાલિક અસરથી આ દબાણને દૂર કરી જમીનને ખાલી કરાઇ હતી.

આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા....

**(બાઇટ- દિગ્વિજયસિંહ જાડેજા, કલેક્ટર, ગીરસોમનાથ)**

# CRICKET

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી વન ડે શ્રેણીની ત્રીજી મેચમાં ભારતે ઇંગલેન્ડને 142 રનથી હરાવીને શ્રેણી ત્રણ શૂન્યથી જીતી લીધી છે. ઇંગલેન્ડે ટોસ જીતીને ભારતને બેટિંગ આપી હતી. શુભમન ગિલની સદીની મદદથી ભારતે 356 રન બનાવ્યા હતા. જવાબમાં ઇંગલેન્ડ 214 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. અર્શદીપસિંહ. હર્ષિત રાણા, અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યાએ  બે-બે વિકેટ લીધી હતી.